

રથયાત્રાના માર્ગ ઉપર થયેલી ગંદકી હટાવવાનો અનોખો વિચાર કચ્છ સૌરાષ્ટ્ર મિત્ર મંડળના અગ્રણી સી. એલ. મહેતાએ ઉદ્‌ભવ્યો અને સંસ્થાના કાર્યકરોએ એ વિચારને વધાવી લીધો. અષાઢી બીજે ગાંધીનગરમાં નિયત માર્ગ પરથી રથયાત્રા પસાર થયા બાદ માર્ગ પર થયેલી ગંદકીને હટાવી સ્વચ્છતા કરતા સ્વયંસેવકોની તસવીર સ્વચ્છ નગરના સંકલ્પને સાર્થક કરે છે. સમગ્ર ટીમને ગાંધીનગરના નાગરિકો દ્વારા વિધાવાયા હતા.

# વાવોલનાં વૃદ્ધનો નભોઈ નર્મદા કેનાલમાં આપઘાત

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર પાસેના વાવોલ ગામમાં રહેતા ૭૦ વર્ષીય વૃદ્ધનો આજે સવારે પોણા અગિયાર વાગ્યાના અરસામાં નભોઈ નર્મદા કેનાલમાંથી તરતો મૃતદેહ મળી આવ્યો હતો. ઘરેથી લાપતા થયા બાદ આજે કેનાલમાંથી પરિવારજનોને તરતો મૃતદેહ મળ્યો હતો. ઈન્ફોસીટી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પીએમ કરાવી આપઘાતનું ચોકકસ કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

વાવોલ ગામના ૭૦ વર્ષીય વૃદ્ધ જશુજી બળદેવજી ગોલ ઘરેથી નીકળ્યા બાદ લાપતા થઈ ગયા હતાં. તેમની શોધખોળ પરિવારજનો કરી રહ્યા હતા તે દરમિયાન આજે સવારના અરસામાં પોણા અગિયાર વાગ્યાના સુમારે જશુજી ગોલનો નભોઈ નર્મદા કેનાલમાંથી મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. મૃતક જશુજીના દિકરા ભીખુજી ગોલે ઈન્ફોસીટી પોલીસને જાણ કરતા પીએસઆઈ એમ.આર. પટેલે મૃતદેહ બહાર કઢાવી પોસ્ટ મોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો છે. પ્રાથમિક તપાસમાં વૃદ્ધે માનસિક બિમારીથી કંટાળીને અંતિમ પગલું ભર્યું હોવાની આશંકા પોલીસે વ્યકત કરી છે.

# ઘ-૪ પાસે નજીવી બાબતે છ શખ્સોએ ગલ્લો સળગાવી નાંખ્યો

## અદાવત રાખીને રાત્રે આવેલા છ શખ્સોએ ગલ્લા પર જવલનશીલ પ્રવાહી છાંટીને દીવાસળી ચાંપતા પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૧૮

શહેરના હાર્દ સમા વિસ્તાર કે જયાં રાત્રે ૧૧ થી ૧૨ વાગ્યા સુધી સહેલાણીઓની અવર વજર સતત રહેતી હોય છે તેવા ઘ-૪ સર્કલ પાસે ગઈ રાત્રે છ માથાભારે શખ્સોએ મળીને જુની અદાવતમાં એક પાન મસાલાનો ગલ્લો સળગાવી દેતા ચકચાર મચી જવા પામી છે. સે-૨૧ પોલીસે ગલ્લા માલિકની ફરિયાદને આધારે છ શખ્સો સામે ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

ગોકુલપુરા ગામમાં રહેતા હેમરાજ મગનભાઈ રબારીને ઘ-૪ સર્કલ પાસે સે-૧૬ના ખૂણા પર જય ભોલે પાનનો ગલ્લો છે. એક દિવસ પહેલા સે-૨૬ પાસે કોઈ બાબતે તેમને સામાન્ય તકરાર થઈ હતી. દરમિયાન આ અદાવતને ધ્યાને લઈ ગઈ રાત્રે દસેક વાગ્યે છ શખ્સો ગલ્લા પર આવ્યા હતા અને પાણીનો બગાડ કરવાની બાબતે બોલાચાલી થતા છ પૈકી એક એ ગલ્લાધારકને થપ્પડ ઝીંકી દીધી હતી. ત્યારબાદ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ બાબતે ગલ્લા માલિકે ઠપકો આપતા જાહેરમાં જવલનશીલ પ્રવાહી લઈ આવી ગલ્લા પર છાંટીને ગલ્લો સળગાવી દેવાયો હતો. ગલ્લામાં પડેલો આશરે પાંચેક હજારનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. હેમરાજ રબારીની ફરીયાદને આધારે સે-૨૧ પોલીસે આઈપીસી કલમ ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૬ મુજબ કોલવડાના વતની સે-૨૬માં રહેતા લાલભાઈ દરબાર, સે-૨૨ ઢોર ડબ્બા પાસે રહેતા કિશનસિંહ દરબાર, ગોપી દરબાર, સે-૨૬ ગ્રીનસીટીના ડીગુભા દરબાર, અંકિતસિંહ દરબાર અને કોલવડાના બલભા દરબાર સામે ગુનો દાખલ કરી ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

# ગોરા થવાની ઘેલછા કયાંક કેન્સરના ભોગ ના બનાવી દે

## બજારમાં દાદર-ખરજવાની સ્ટેરોઈડયુકત ક્રીમો ત્વચાને ગોરી બનાવવા માટે બેરોકટોક વેચાય છે : તમામ સમસ્યાનો હલ ગોલી ત્વચા છે તેવી યુવા પેઢીની માનસિકતા આફત નોંતરી રહી છે

ગાંધીનગર, તા.૧૮

ભારતમાં યુવા પેઢીને ત્વચા ગોરી કરવાનું ઘેલુ લાગ્યું છે અને આ માટે બજારમાં મળતી અનેક દવાઓ, ક્રીમો વગેરે ડોકટરની સલાહ વગર જ વાપરવા લાગે છે જેના કારણે ઘણી બધી આડઅસરો થવાનો ભય રહેલો છે. ટીવીમાં આ પ્રકારની અનેક ક્રીમોની જાહેરાતોની ભરમાર હોય છે પરંતુ આ ઉપરાંત જાહેરાત વગર પણ યુવાઓમાં ઘણી બધી એન્ટીફંગલ ક્રીમોનો ત્વચાને ગોરી બનાવવા માટે ઉપયોગ વધવા પામ્યો છે જે વિવિધ ચર્મરોગથી માંડીને કેન્સર સુધીના ભયાનક રોગના શિકાર બનાવી શકે તેમ છે.

આજની યુવા પેઢીને ગોરી ત્વચાનું ઘેલુ એટલી હદે લાગ્યુંછે કે તેમને એવું લાગે ગોરી ત્વચા જ તમામ સમસ્યાનો હલ છે. એટલે સુધી કે પ્રેમ સંબંધથી માંડીને કારકિર્દી સુધ્ધામાં તેમને ગોરી ત્વચા જ સફળતા અપાવી શકે છે તેવું તેઓ માનવા લાગ્યાં છે. આ માટે પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ અને ગોરાપન માટેની ક્રીમ બનાવતી કંપનીઓની ભ્રામક જાહેરખબરોનો સતત ટીવી પર થઈ રહેલો મારો જવાબદાર છે. ટીવીમાં ગોરાપન માટે આવતી જાહેરાતોમાં સતત એવું દેખાડાય છે કે તમામ સમસ્યાનો હલ ગોરી ત્વચા છે. જો કે ટીવીની આ જાહેરખબરો પર ભારત સરકારની બાજ નજર પણ રહેલી છે અને જો કોઈ કંપની તેની પ્રોડકટ વાપરવાથી રાતોરાત ગોરા થઈ જવાય તેવા લોભામણા દાવા કરે તો તેની સામે મેજીક રેમેડીઝ એકટ હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આશ્ચર્યજનક વાત તો એ છે કે ટીવીમાં જાહેરાત સિવાય પણ કેટલીક દવાઓ બજારમાં ત્વચાને ગોરી કરવા માટે ખુલ્લે આમ વેચાઈ રહી છે પરંતુ આ દવાઓ હકીકતમાં સ્ટેરોઈડ યુકત હોય છે અને તે દાદર, ખરજવા જેવા ચામડીના રોગ માટે બનાવવામાં આવી હોય છે. આ દવાઓ બેરોકટોક ચામડીના રોગના બદલે ત્વચા ચોરી કરવા માટે વેચવામાં આવી રહી છે. આ ક્રીમના ઉપયોગથી ત્વચા પાતળી થઈ રતુમડી થઈ જાય છે જેના કારણે ગોરી થયાનો અહેસાસ થાય છે. વળી આ ફેરફાર એક જ સપ્તાહમાં આવે છે જેથી તેની અસરકારકતા વધુ જણાય છે. પરંતુ તેના કારણે અનેક પ્રકારના ચામડીના રોગ અને ચામડીનું કેન્સર થવાની શકયતા રહેલી છે. આ કંપનીઓએ પણ દવાની યુવાનોમાં વધતી માંગ જોઈને તેના પેકિંગ આકર્ષક બનાવી દીધા છે જેથી યુવા વર્ગ ભરમાઈ જવા પામે છે. ડીસીજીઆઈ દ્વારા આ પ્રકારની કોમ્બીનેશન ક્રીમને માન્યતા આપવામાં નથી આવી છતાં આ કંપનીઓ રાજય સ્તરે પ્રમાણ પત્રો મેળવી મોટો નફો કમાઈ રહી છે. યુવા પેઢીએ આ પ્રકારની ક્રીમના ઉપયોગથી સાવચેત થવાની તાતી જરૂરિયાત છે. નહીતર આગામી વર્ષોમાં દેશમાં ચામડીના રોગોનો મોટા ભાગની વસ્તી શિકાર બશે તેવી ભીતિ સેવાઈ રહી છે.

# ગાંધીનગરમાં બાબાસાહેબ આંબેડકરની સવાસોમી જયંતિ નિમિત્તે ભાગ્ય વિધાતા નાટક ભજવાયું

ગાંધીનગર, તા.૧૮

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને રમતગમત, યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સંયુકત ઉપક્રમે ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણી નિમિત્તે ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવન આધારિત ભારત ભાગ્ય વિધાતા નાટકનું આયોજન ઓડિટોરિયમ હોલ, સિવિલ હોસપિટલ કેમ્પસ, સેકટર૧૨ ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમારંભના અધ્યક્ષ સ્થાને આરોગ્ય, તબીબી શિક્ષણ અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ અને સમારંભના ઉદ્‌ઘાટક પદે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી શ્રી રમણલાલ વોરા ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી શ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ માટે રાજય સરકાર દ્વારા ૧૨૫ કરોડ રૂપિયાની માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે. અન્ય રાજયની સરખામણીએ આ માતબર રકમ છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે રાજયના તમામ જિલ્લાઓ અને મહાનગરપાલિકા વિસ્તારમાં નાટક, ભવાઈ, કવિ સંમેલન જેવા સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવનાર છે. તાજેતરમાં જ અમદાવાદ ખાતે દલિત કવિ સંમેલન યોજાયું હતું.



(તસવીર : દિપક જાની)

આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભારતની લોકશાહીનું બંધારણ ધડવામાં ડૉ. બાબાસાહેબ આંબેડકરનો સિંહફાળો છે. તેઓ કાયદા નિષ્ણાંત સાથે સાથે એક સારા પત્રકાર, સમાજ સુધારક, સંશોધક અને તત્વચિતંક પણ હતા. ડૉ.બાબાસાહેબ આંબેડકરનો જીવનકાળ દરમ્યાન ગુજરાત અને ગુજરાતી વ્યક્તિઓ સાથેનો નાતો કેવો હતો, તેની રસપ્રદ વાત કરી હતી. તેઓશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ વર્ષની ઉજવણી નિમિત્તે યોજનાર કાર્યક્રમો માત્ર મનોરંજન આપતા નહિ, પરંતુ દલિતોના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસનું પર્વ બની રહેશે.

આ સમારંભના આરંભે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી રાકેશભાઈ વ્યાસે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નિવૃત્ત અધિકારી શ્રી પ્રવિણ શ્રીમાળીએ કર્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજીભાઈ ઠાકોર, દસાડાના ધારાસભ્ય શ્રી પૂનમભાઈ મકવાણા, ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવે, જિલ્લા કલેકટર શ્રી રવિશંકર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે.એમ.ભીમજીયાણી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાના નિયામક શ્રી કે.જી.વણઝારા, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના નિયામક શ્રી બી.પી.સોયંતર સહિત અનેક મહાનુભાવો અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

**રક્તદાન મહાદાન**

# સે-૩-એ ન્યુમાં ઘણા સમયથી સ્ટ્રીટ લાઈટ બંધ હોવાથી રહીશો પરેશાન

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના સેકટર-૩-એ-ન્યુ ખાતે પ્લોટ નં. ૪૩/૧ ઘણા સમયથી નજીકના બે સ્ટ્રીટ લાઈટના પોલના ટયુબલાઈટ અને સ્ટેન્ડ તુટી ગયાં છે. સ્ટ્રીટલાઈટ બંધ હોવાથી આ વિસ્તારના રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

સેકટર-૩-એ ન્યુ ખાતે પ્લોટ નં. ૪૩/૧ ની સ્ટ્રીટલાઈટ બંધ હોવા અંગે રહીશોએ અનેકવાર ટોરેન્ટ પાવર કંપનીમાં ફોન કરીને જાણ કરી હોવા છતાં વીજ કંપની દ્વારા કોઈ પગલાં લેવામાં નથી આવી રહ્યાં. સળંગ બે પોલની ટયુબલાઈટ અને તેના સ્ટેન્ડ તુટી જવા પામ્યા છે. જેના કારણે બંને પોલ પર ઘણા સમયથી લાઈટ બંધ છે. રાત્રિના સમયે આ સ્થળે અંધારું થઈ જવાથી આસપાસના રહીશોમાં ખાસ કરીને મહિલાઓ અને વડીલ નાગરિકોને પરેશાની ભોગવવી પડી રહી છે. ટોરેન્ટ પાવરમાં રજુઆત કરવા છતાં સ્ટ્રીટ લાઈટસ રીપેર નહીં કરાતા વીજ કંપની પ્રત્યે રહેવાસીઓમાં રોષ વ્યાપી રહ્યો છે. અને સત્વરે સ્ટ્રીટ લાઈટનું રીપેરીંગ કરાય તેવી માંગ પ્રવર્તી રહી છે.

# જીવ કલ્યાણ સંસ્થાની આજે સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

જીવકલ્યાણ સંસ્થા ગાંધીનગરની માસિક સામાન્ય સભા તા. ૧૯મી જુલાઈના રવિવારે સેક્ટર-૨૨ શ્રી પંચદેવ મંદિરના હોલમાં સાંજે ૫.૦૦ વાગે યોજાશે. સંસ્થાના સભ્યોએ હાજર રહેવા શ્રી કે.બી. વ્યાસ પ્રમુખશ્રી, શ્રી અરવિંદભાઈ કનાડા મંત્રીશ્રી, જીવકલ્યાણ સંસ્થાએ જણાવેલ છે.



(તસવીર : દિલીપ પ્રજાપતિ)





(તસવીર : કશ્યપ નિમાવત)

આજે ૩૦ વર્ષ પછી રથયાત્રા અને રમઝાન ઈદનો શુભગ સમન્વય સર્જાયો હતો. પવિત્ર તહેવાર રમઝાન ઈદ નિમિત્તે મુસ્લિમ બિરાદરોએ એકબીજાને ગળે લગાડીને શુભેચ્છાઓની આપ-લે કરી હતી. બંને તહેવાર નગરમાં ખૂબ જ કોમી-એકલાસ અને શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાયા હતા.

# પેથાપુરની મહિલાને કોલેરા પોઝીટીવ આવ્યો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરને અડીને આવેલ પેથાપુરની વધુ એક મહિલાને આજે કોલેરા પોઝીટીવ આવ્યો છે જેને લઈ તંત્રની ઊંઘ હરામ થઈ જવા પામી છે.

પેથાપુરમાંથી કોલેરા પોઝીટીવનો આ બીજો કેસ મળી આવ્યો છે. આ મહિલા દર્દીને ગઈકાલે ઝાડા-ઉલ્ટી થતાં સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ. જ્યાં તેના વિવિધ પરીક્ષણોમાં કોલેરા પોઝીટીવ હોવાનો રિપોર્ટ આવ્યો છે.

જી.ઈ.બી. રોડ પર આવેલ વસાહતમાં આ મહિલા રહે છે. તંત્ર દ્વારા આસપાસના વિસ્તારોમાં કરાયેલા સર્વેલન્સમાં વધુ કોઈ કેસ નહિ મળ્યાનું જાણવા મળેલ છે. જિલ્લામાં આ વર્ષે કોલેરાના દર્દીઓની સંખ્યા ૧૦૫ પર પહોંચી છે. જેમાં સાત ગ્રામ્ય વિસ્તારના કેસ નોંધાયેલા છે. હાલ દર્દીની તબિયત સુધારા પર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

**સૂર્યોદય : ૬.૦૫**

**સૂર્યાસ્ત : ૭.૨૯**

## તાપમાન

**મહત્તમ : ૩૬.૫ ડિ.સે.**

**લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.**

## ભેજનું પ્રમાણ

**સવારે ૭૮ ટકા ● સાંજે ૫૧ ટકા**

## મનોરંજન

### સિટીપલ્સ

**સ્ક્રીન-૧ :**
બજરંગી ભાઈજાન : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :**
બજરંગી ભાઈજાન : ૧.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૩ :**
બાહુબલી : ૧.૦૦, ૪.૦૦
બજરંગી ભાઈજાન : ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪ :**
બજરંગી ભાઈજાન : ૧૦.૦૦
બાહુબલી : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૫ :**
બજરંગી ભાઈજાન : ૧૦.૦૦
બાહુબલી : ૧૦.૦૦

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**
બજરંગી ભાઈજાન : ૯.૦૦, ૧૨.૧૦, ૩.૩૦, ૬.૫૦, ૧૦.૧૦

**સ્ક્રીન-૨ :**
બજરંગી ભાઈજાન : ૧૧.૧૦, ૨.૩૦, ૫.૫૦, ૯.૧૦

**સ્ક્રીન-૩ :**
બજરંગી ભાઈજાન : ૧૦.૩૦, ૧.૪૦, ૪.૫૦, ૮.૦૦

**સ્કીન-૪ :**
બાહુબલી : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૨૦, ૬.૪૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : શુભ મંગળકાર્યોનો યોગ. લાભનો માર્ગ મોકળો બનતો જણાય. નોકરીમાં સહકર્મચારીઓ, મિત્રોનો સાથ- સહકારી મળી રહે. ધર્મમાં આસ્થા વધશે.અટવાયેલા કાર્યોનું નિરાકરણ આવી શકે.

**વૃષભ** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. જીવનમાં વિવિધતા પૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે.

**મિથુન** : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. નોકરીમાં પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. ઋણથી મુક્ત થઈ શકો છો. કાર્યક્ષેત્રમાં મિત્રોનો સાથ સહકાર મળી શખે છે. આર્થિક લાભની તક મળી શકે છે.

**કર્ક** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાનો યોગ. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થશે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. ચિંતાથી મુક્તિ મળી શકે છે. સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે.

**સિંહ** : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિની સંભાવના છે. ધર્મ-આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતતનો યોગ. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગીદારી સંબંધી વિવાદ ઉભો થઈ શકે છે.

**કન્યા** : આવકનાં સ્ત્રોતોમાં ભાગ્યવર્ધક વૃદ્ધિ થઈ શકે છે. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ મળી શકે છે. ચિંતાઓમાંથી બહાર આવવાનો માર્ગ મળી શકે છે. કુંટબમાં ઉભી થયેલી સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે.

**તુલા** : સંચિત ધનમાં વૃદ્ધિ થશે. સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં પ્રતિષ્ઠામાં વધારો અપાવી શકે છે.

**વૃશ્ચિક** : સમસ્યાઓ પર વિશિષ્ટ ચિંતનનો યોગ. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા છે. વિદ્યાર્થીવર્ગને દિવસ આનંદમય રીતે પસાર થશે.

**ધન** : કલાત્મકક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્યો થઈ શકે છે. વેપાર ક્ષેત્રમાં થયેલ પ્રવાસ લાભદાયી નીવડી શકે છે. અટકાયેલા નાણાં પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક જવાબદારીઓની ચિંતા હળવી બને. ધાર્મિક ક્ષેત્રે આસ્થા વધશે.

**મકર** : આર્થિક મહત્વનાં વિશેષ કાર્યો પૂર્ણ કરવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. નોકરીમાં ઉપરવર્ગના અધિકારીઓ સાથે વાદવિવાદ ઉભો થતો હોય તેવી બાબતોથી દૂર રહેવું.

**કુંભ** : વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. ભૂમિ- સંપતિના સોદામાં લાભ થવાની સંભાવના છે.

**મીન** : નકામો તનાવ, મુશ્કેલીઓના ભારણ નીચે દબાતા હોવાનો અનુભવ થતો જણાય.અનુભવીનું માર્ગદર્શન લેવું. અથાગ પ્રયત્ન કરવા છતાં ઓછો લાભ મળી શકે.

## ચિરવિદાય

- સ્વ. કાન્તાબેન શિવલાલભાઈ પટેલ (ઉ.વ.૭૫) પ્લોટ નં. ૪૨૫/૧, સેકટર-૬, ગાંધીનગર
- સ્વ. મનસુખભાઈ શંકરભાઈ શર્મા (ઉ.વ૪૫) મુ. ડભોડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. હિરાલાલ બંશીલાલ કોળી (ઉ.વ.૭૦) ડી-૩, કીર્તિરાજ સોસાયટી, પેથાપુર, જી. ગાંધીનગર
- સ્વ. શકરીબેન ગાંડાલાલ પટેલ (ઉ.વ.૮૦) મુ. ધોળાકુવા, તા. માણસા, જી. ગાંધીનગર